# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-09-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# BHUPENDRA YADAV KUTCH

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે આજે કચ્છમાં તેમણે નલિયામાં ઘોરાડ સોફ્ટ રીલીઝ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું. તેમણે વન અને વન્યપ્રાણી સંરક્ષણ તેમજ ચિત્તા પ્રોજેક્ટ માટે વન વિભાગના 33 જેટલા વાહનોને પણ લીલીઝંડી આપી. શ્રી યાદવે વન્યજીવ સંરક્ષણ , મેંગ્રોવ સંવર્ધન અને સિવિડ ખેતીની કામગીરીનું પણ સ્થળ નિરીક્ષણ કર્યું. તેમણે મેંગ્રોવના વિસ્તરણ માટે હાથ ધરવામાં આવી રહેલા પ્રયાસોની પણ પ્રશંસા કરી.

# HINDI DIWAS

દેશભરમાં આજે હિન્દી દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. વર્ષ 1949માં આજના દિવસે બંધારણ સભાએ દેવનાગરી લિપિમાં લખાયેલી હિન્દીને દેશની સત્તાવાર ભાષા તરીકે અપનાવી હતી. આજે, હિન્દી વિશ્વની વ્યાપકપણે બોલાતી ભાષાઓમાંની એક છે અને 52 કરોડથી વધુ લોકોની પ્રથમ ભાષા છે. દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી મુંબઈમાં હિન્દી દિવસ 2026 કાર્યક્રમ અને છઠ્ઠા અખિલ ભારતીય રાજભાષા સંમેલનમાં હાજરી આપશે. આજે હિન્દી દિવસ પર એક વિડિઓ સંદેશમાં તેમણે કહ્યું કે હિન્દી ભાષા અન્ય કોઈપણ ભાષાની સ્પર્ધાત્મક ભાષા નથી પરંતુ રાષ્ટ્રીય એકતાનું મહત્વપૂર્ણ જોડાણ છે.

**(BYTE : AMIT SHAH- HINDI DIWAS)**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ હિન્દી દિવસની શુભકામના પાઠવતા કહ્યું, વૈશ્વિક મંચ પર ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોને પ્રોત્સાહન આપવામાં હિન્દીની ભૂમિકા સતત મજબૂત થઈ રહી છે.

# STATE RAIN OVERALL

રાજ્યમાં લાંબા વિરામ બાદ આજે સતત બીજા દિવસે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. દરમિયાન હવામાન વિભાગે પોરબંદર , જુનાગઢ, ગીર સોમનાથ , નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે કચ્છ , સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં આજે વરસાદનું યલો અલર્ટ અપાયું.

બીજી તરફ , બપોરે 12 વાગ્યા સુધીમાં રાજ્યના 210 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ સવા પાંચ ઇંચ જેટલો વરસાદ આણંદના બોરસદ તાલુકામાં નોંધાયો. જ્યારે અમદાવાદના ધોળકા અને વડોદરાના કરજણ તાલુકામાં ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો.

# DISTRICT RAIN

રાજ્યમાં આજે સતત બીજા દિવસે અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ થયાના અહેવાલ છે.

વલસાડમાં સાર્વત્રિક ભારે વરસાદથી ગ્રામ્ય માર્ગો પર વાહનવ્યવહાર ખોરવાયો. જયારે બુરલામાં કોલક નદી પરના બ્રિજ પર વરસાદી પાણી ફરી વળ્યા. અમરેલીમાં પણ વહેલી સવારે વડિયા, બાબરા, લાઠી અને લીલીયા તાલુકામાં ભારે વરસાદ થયો. અરવલ્લીના મોડાસામાં ગાજવીજ સાથે ભારે વરસાદ વરસ્યો છે. મહેસાણામાં પણ વરસાદના કારણે તૈયાર પાકને જીવતદાન મળ્યું.

કચ્છના ભુજમાં બે કલાકમાં એક ઇંચ વરસાદ પડ્યો. ઉપરાંત ભરુચ, સુરત, જામનગર અને બોટાદ સહિતના જિલ્લામાં વરસાદ થઈ રહ્યો હોવાના અહેવાલ છે.

# HC JUDGE

ગુજરાત વડી અદાલતના ન્યાયાધીશ તરીકે જસ્ટિસ માનસ રંજન પાઠકે આજે શપથગ્રહણ કર્યા . મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલે તેમને શપથ લેવડાવ્યા. શપથગ્રહણ સમારંભમાં ન્યાયાધીશશ્રીઓ , એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી સહિત વરિષ્ઠ વકીલો તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# SNR TARNETAR MELO

સુરેન્દ્રનગરમાં વિશ્વ પ્રસિદ્ધ તરણેતરના લોકમેળાનો આજથી વિધિવત્ શુભારંભ થયો. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણા , ધારાસભ્ય શામજી ચૌહાણ સહિતના મહાનુભાવોએ ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવનું પૂજન-અર્ચન કરી લોકમેળાનો શુભારંભ કરાવ્યો.

# GANESH CHATURTHI OVERALL

વિઘ્નહર્તા, રિદ્ધિ-સિદ્ધિના દાતા અને સુખકર્તા ભગવાન ગણેશજીના આગમનના પાવન પર્વ ગણેશ ચતુર્થી નિમિત્તે રાજ્યભરમાં ઉજવણી થઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં સૌને ગણેશચતુર્થીની શુભકામના પાઠવી. તેમણે ગણેશજી લોકોના વિઘ્નો દૂર કરે તથા સૌના પરિવારમાં સુખ , શાંતિ, સમૃદ્ધિ અને દીર્ઘાયુનું વરદાન આપે તેવી પ્રાર્થના કરી.

તો, જામનગરમાં કાલાવડની શાળાના વિદ્યાર્થીઓએ ગણેશોત્સવ અને ગણેશચતુર્થી નિમિત્તે અદભૂત કલાકૃતિ થી લોકોને મંત્રમુગ્ધ કર્યા. બીજી તરફ, સપડા ગામના સુપ્રસિદ્ધ શ્રી સિદ્ધિ વિનાયક ગણેશજી મંદિરમાં ભક્તો પગપાળા દર્શનાર્થે આવી રહ્યા છે. સેવાભાવી સંસ્થાઓ અને કાર્યકરો દ્વારા ભક્તો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી.

જુનાગઢમાં 450થી વધુ પંડાલમાં ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરાયું. રાજકોટ માર્ગ પર આવેલા ઇગલના ગણેશજીની મૂર્તિ જમણી સૂંઢવાળી હોવાથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવ્યા.

કચ્છમાં ભુજ શહેર સહિત સમગ્ર જિલ્લાના વિવિધ મંડળો અને પંડાલોમાં વિઘ્નહર્તા ગણેશજીની મૂર્તિઓની શાસ્ત્રોક્ત વિધિ સાથે સ્થાપના કરવામાં આવી.

# BOMB THREAT

મુખ્યમંત્રી કાર્યાલય સહિત અનેક સ્થળોએ બોમ્બની ધમકી મામલે બે  આરોપી ઝડપાયા છે. સાયબર સેન્ટર ઓફ એક્સલન્સની ટીમે બિહાર અને ઝારખંડમાંથી બંને આરોપીની અટકાયત કરી છે. આ અંગે બપોર બાદ પત્રકાર પરિષદ યોજી સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ વધુ વિગતો જાહેર કરશે.

# GMC ELECTION

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે આજે આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. ત્યારે હવે થોડા દિવસમાં ચૂંટણીની જાહેરાત થવાની શક્યતા છે. ચૂંટણી જાહેર થતાં જ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આચાર સહિતા લાગુ થશે. ગાંધીનગર મહાનગર પાલિકાની 11 વોર્ડની 44 બેઠકો માટે ચૂંટણી થશે.

# AJAY YADAV MOUNT YUNAM

ભાવનગરના અજય યાદવે હિમાચલ પ્રદેશમાં આ વેલા છ હજાર 111 મીટર ઉંચા યુનમ પર્વત પર ત્રિરંગો લહેરાવી અનોખી સિદ્ધિ મેળવી. મહુવા પંથકના દેવળિયા ગામના આ યુવાન પડકારજનક હવામાન , ઑક્સિજનની અછત જેવી પરિસ્થિતિઓ વચ્ચે ટીમના અન્ય સભ્યો સાથે સાહસિક રીતે પર્વતની ટોચ સુધી પહોંચ્યા હતા.

ઉલ્લેખનીય છે કે , રાજ્યના રમતગમત , યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા માઉન્ટ આબુની સ્વામી વિવેકાનંદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ માઉન્ટેનિયરિંગ - SVIMના સંયુક્ત ઉપક્રમે હિમાલય પરિભ્રમણ કાર્યક્રમ યોજાયો હતો.

# MAHESANA – UNI. LEVEL GAMES

મહેસાણામાં આજથી યુનિવર્સિટી કક્ષાની બે દિવસીય ખો ખો સ્પર્ધાનો પ્રારંભ થયો પાંચોટમાં રમતગમત સંકુલ ખાતે યોજાયેલી સ્પર્ધામાં 22 જેટલી કોલેજના 564 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.